## વડીલોને વંદન
## અભિનંદન



લીંબાચીયા કપિલાબેન આર.
(૧૯૫૫) મો. ૯૯૯૮૯૯૬૬૯૮

## પાટણ તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજના સમૂહ લગ્નની તૈયારીઓ શરૂ

પાટણ, તા. ૧૪

પાટણ તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજદ્વારા તા. ૧૨-૫-૨૦૧૪ના રોજ પાટણ-શિહોરી હાઈવે રોડ પર આવેલ સુજનીપુર ગામે યોજાનાર છે. જેને સફળ બનાવવા માટે સમગ્ર પાટણ તાલુકાના ઠાકોર સમાજના અગ્રણીઓ અને યુવાનો કામે લાગ્યા છે. ગત રોજ પાટણ તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજના પ્રમુખ ચંદનસિંહ તલાજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને સમાજના અગ્રણીઓ અને યુવાનોની મહત્વની બેઠક મળી હતી. જેમાં સમૂહલગ્ન અંગેના આયોજન વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સમાજના પ્રમુખ ચંદનસિંહ ઠાકોર ભોજનનો તમામ ખર્ચ ઉઠાવશે. સમાજના અગ્રણીઓએ પણ શકિત પ્રમાણે ફાળો નોંધાવ્યો હતો. સમૂહલગ્ન તારીખ ૧૨-૫-૨૦૧૪ના રોજ શ્રી અઘરામ બાપા જીનીંગ એન્ડ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ આશાપુરા પેટ્રોલ પંપની બાજુમાં પાટણ શિહોરી હાઈવે સુજની પુર ખાતે યોજાશે. સમુહલગ્નમાં જોડાવા ઈચ્છુક યુગલોના વાલીઓએ વહેલામાં વહેલી તકે ઉંમરના સર્ટીફીકેટ સાથે નામ નોંધાવવા માટે સમુહ લગ્ન સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## બેંકમાંથી પૈસા ઉચાપત

અમદાવાદ, તા. ૧૪

અમદાવાદમાં હવે ગુનેગારો પણ હાઈટેક બની રહ્યા છે. આડકતરી રીતે લોકો પાસે બેંકના એટીએમનો નંબર અને પાસવર્ડ જાણી પૈસાની ઉઠાંતરીના બનાવોમાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે ત્યારે નરોડામાં વધુ એક બનાવ બનવા પામ્યો છે. જેમાં એક વ્યક્તિ પાસે એટીએમ નંબર અને પાસવર્ડ જાણીને બેંકમાંથી ૨૫,૫૩૫ ઉપાડી લીધાનો બનાવ નરોડા પોલીસ મથકમાં નોંધાયો છે.

## શબ્દાવલી - ૫૩૬૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | | |
| ૮ | ૯ | ■ | ■ | ૧૦ | | | |
| ■ | ૧૧ | ૧૨ | ૧૩ | | ■ | ■ | |
| ૧૪ | | | | ■ | ૧૫ | | ■ |
| ૧૬ | | | ■ | ૧૭ | | ■ | ૧૮ |
| ૧૯ | | ■ | ૨૦ | | | | |
| ૨૧ | | | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. બિલોર, એક જાતનો કાચ (૫)
૪. તસ્કર, ચોરી કરે તેને... કહેવાય (૨)
૬. ખારાશવાળુ તત્ત્વ (૨)
૭. સીવ્યા વિનાનું કપડું (૩)
૮. સિનેમાના દૃશ્યોની લાંબી પટ્ટી (૨)
૧૦. લાફો, લપાટ (૪)
૧૧. ચિંતા, ફિકર (૪)
૧૪. તાડના પાનનું છાજ (૪)
૧૫. કસરત, વારો (૨)
૧૬. વસ્તુ-કામ-માણસ વળગવાથી થતું નડતર, પીડા-ઉપાધિના અર્થમાં (૩)
૧૭. એક વનસ્પતિના બીજ, એક ભાજી (૨)
૧૯. દુનિયાનો નકશો (૨)
૨૦. યૌવનથી ભરેલ (૫)
૨૧. લડાઇ કરનાર, લડવામાં કુશળ (૪)

### ઊભી ચાવી

૧. રોગ, માંદગી (૩)
૨. ઓટો, વાહન (૨)
૩. મોટરગાડી (૨)
૪. પુસ્તકો, બુક્સ (૩)
૫. રોતડુ, રોતલ (૪)
૭. કાપો, છેદ (૨)
૯. લઘરવઘર, જેમ તેમ ચાલવું (૩)
૧૦. ગુંદર જેવો ચોંટાડવાનો પદાર્થ (૨)
૧૨. કઠીન, દુષ્કર (૩)
૧૩. નિશા, રજની (૨)
૧૪. ગાયનના ઠેકાનું માપ (૨)
૧૫. જંગલમાં લાગેલી આગ (૪)
૧૭. બધાને હિન્દીમાં... કહેવાય (૨)
૧૮. કતલ કરનાર (૩)
૨૦. દેખ્યો, ભાળ્યો (૨)

### શબ્દાવલી ૫૩૬૬ના જવાબ

***આડી ચાવી :-*** (૧) મતલબી (૪) વિજયા (૭) કાજલ (૮) વિજ્ઞાપન (૯) કાજ (૧૧) નત (૧૨) મુરબ્બો (૧૩) પટ (૧૫) ફાસ (૧૬) તુલા (૧૮) રકાબી (૧૯) લગાતાર (૨૧) ગાન (૨૨) મશીનરી (૨૩) લાડુ (૨૪) ફડી

***ઊભી ચાવી :-*** (૧) મકામ (૨) તજ (૩) લલકાર (૪) વિજ્ઞાન (૫) જપતપ (૬) યાન (૧૦) જબ્બો (૧૨) મુસકાન (૧૪) ટસર (૧૫) ફારગતી (૧૬) તુલસી (૧૭) લાગાન (૨૦) તારીફ (૨૨) મડુ

# ડીસામાં પોલીસ જવાનોએ મુસ્લિમ કન્યાને લગ્નમાં રાખડી બંધાવી આપ્યું સુરક્ષાનું વચન

ડીસા, તા. ૧૪

ડીસાના તીનબત્તી વિસ્તારમાં એક અનોખા સમૂહ લગ્ન સમારોહમાં ૧૬ મુસ્લિમ બહેનોને લગ્ન મંડપમાં ડીસા દક્ષિણ પોલીસ મથકના ૧૬ પોલીસકર્મીએ રાખડી બંધાવી જીવનભરની સુરક્ષાનું વચન આપતા જોડાઈ રહ્યા છે. બનાસકાંઠાના ડીસામાં યોજાતા આ સમુહ લગ્નમાં લગ્ન મંડપમાં દુલ્હા-દુલ્હનના ૧૬ જોડા લગ્નગ્રંથીથી જ્યારે બંધાઈ રહ્યા છે, ત્યારે બુરખામાંથી જોતી નવોઢાની આંખોમાં દેખાતી શાંતિ અને સુરક્ષિતતાની ભાવના જાણે પ્રથમવાર આપી અને આશીર્વાદમાં જિંદગીભર આ તમામ બહેનોની દેખભાળ અને સુરક્ષા રાખીશ તેવું વચન પોલીસ કર્મચારીઓએ લગ્ન મંડપમાં જ આપતા પોતાના ભાઈ બનેલા પોલીસ કર્મીની આ લાગણીથી ગરીબ પરિવારની દીકરીઓ ગદ-ગદ બની



આ કાર્યક્રમ હિંદુ-મુસ્લિમ ભાઈચારાની લાગણી ઉન્નત કરતો કાર્યક્રમ તરીકે જિલ્લાભરમાં આવકારદાયક બનેલ છે.

આ ઘટનાની વિગતો જોઈએ તો રવિવારે ડીસા તીનબત્તી વિસ્તારમાં ગરીબ નવાજ ગ્રુપ સંચાલિત એક સમૂહ લગ્ન સમારોહમાં એક સાથે ૧૬ દુલ્હા-દુલ્હન લગ્ન બંધનથી નજીકથી અનુભવાઈ રહી છે. નિકાહ પધાવતા મોલવી દુલ્હનોને 'નિકાહ કબુલ હે કબુલ હે'ની રસમ નિભાવી રહ્યાછે ત્યારે ખાખી કપડામાં ઉભેલા પોલીસ કર્મી પણ એક નવી જવાબદારી સ્વીકારવા જાણે થનગની રહ્યા છે અને તે જવાબદારી છે. આ તમામ ૧૬ દુલ્હીનો પાસે રાખડી બંધાવી બહેનો બનાવી કરિયાવર હતી અને સુરક્ષિતતાઓને રાખડી કવચે ભાઈ તરીકે પોલીસકર્મ મળતા આ ઘટના કોમી એકતાની મિસાલ બનતા હિંદુ અને મુસ્લિમ સમાજના આગેવાનોમાં આ કાર્યક્રમ ભારે આવકારદાયક બનેલ છે.

આ પ્રસંગે માયનોરીટી સેલ અમદાવાદના પ્રમુખ નુરજહાં દીવાને જણાવેલ કે 'ગુજરાતમાં મુસ્લિમ સમાજ ૨૦૦૨ નાં રમખાણો બાદ પોલીસથી ભયભીત હતો. ડીસામાં આ સમૂહ લગ્નોમાં હિંદુ સમાજનાં પોલીસ જવાનોએ ગરીબ દિકરીઓને બહેનો તરીકે અપનાવી સુરક્ષાનું વચન આપી ભયમુક્ત કરેલ છે. આ આવકારદાયક પગલુંછે જ્યારે ડીસાના મુસ્લિમ સમાજ-ધર્મગુરૂ બાવાસાહેબ દ્વારા જાહેર કરાયું હતું કે ભારતમાં વર્ષો પહેલાથી ચાલતી પરંપરાને ડીસા પોલીસે વેગ આપી ભાઈચારાની લાગણીને મજબૂત બનાવેલ છે. અમારા તમામ ધાર્મિક પ્રસંગોને યાદગાર બનાવી સહકાર આપતા અને આજે લગ્ન મંડપમાં ગરીબ દુલ્હનોને સુરક્ષા વચન આપતાં લઘુમતી સમાજ કૃતજ્ઞ બનેલ છે જ્યારે આ દુલ્હન રક્ષાબંધન પ્રસંગના આયોજક કે.ડી. નકુમ પોલીસ ઈન્સ્પેક્ટર- ડીસા દક્ષિણ પોલીસે જણાવેલ કે 'દેશમાં કોમી એકતા અને એખલાસનું વાતાવરણ કાયમ રહે તે તમામ નાગરિકોની પ્રથમ ફરજ બને છે તે ભાવના એ અગાઉ પણ મુસ્લિમ સમાજના ઈદ જેવા ધાર્મિક પ્રસંગમાં વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજી હિંદુ-મુસ્લિમ સમાજમાં ભાઈચારાની લાગણી ઉન્નત બનાવવા પ્રયત્ન કર્યો હતો. અને આજે ૧૬ ગરીબ પરિવારની દીકરીઓને લગ્ન મંડપમાં રાખડી બંધાવી ભાઈ બની સમગ્ર જિંદગીભર આ બહેનોને તમામ પ્રકારની સુરક્ષા આપવાની ખાતરી સાથેનું વચન ૧૬ પોલીસ જવાનોએ આપ્યુ હતુ. આમ આ સમગ્ર સમૂહ લગ્ન કાર્યક્રમ હિંદુ-મુસ્લિમ એકતાનો પ્રતિક બન્યો હતો.



(તસવીર : મગનજી વણઝારા)

## હિંમતનગરમાં મહિલા કોંગ્રેસ સંમેલન યોજાયું

આજે હિંમતનગર ટાઉન હોલ ખાતે યોજાયેલ સાબરકાંઠા લોકસભાના મહિલા કોંગ્રેસ સંમેલનમાં બોલતા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને સાબરકાંઠા કોંગ્રેસ પક્ષના લોકસભાના ઉમેદવારશ્રી શંકરસિંહજી વાઘેલાએ જણાવ્યું હતું કે આજે વિશ્વના રાજકારણમાં મહિલાઓ સત્તાના મૂળભૂત પરિવર્તનમાં અગત્યનો ભાગ ભજવી રહી છે ત્યારે ભારતીય રાજકારણમાં પણ લોકશાહીને બચાવવા મહીલાઓનું વિશેષ યોગદાન રહ્યું છે. આજે મહીલાઓ દરેક ક્ષેત્રે સ્વનિર્ભર અને પુરુષ સમોવડી બની છે. આપણા સાબરકાંઠા જિલ્લામાં મહિલાઓએ પશુપાલન અને ડેરી ઉદ્યોગમાં વિશેષ સ્થાન મેળવ્યું છે. અત્યારે પરિવર્તનની વાત કરનારને પાઠ ભણાવવા શ્રી શંકરસિંહજી વાઘેલાએ આહવાન કર્યું હતું કે કોંગ્રેસ પક્ષના ચુંટણી ઢંઢેરાના મુખ્ય હોદ્દાઓ બહેનોને સમજાવી મતદાન કરાવો. આ પ્રસંગે પાટણના સાંસદશ્રી જગદીશભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે યુપીએ સરકાર દ્વારા ગર્ભવતી મહીલાઓ માટેની યોજના, ફુડ સિકયુરીટી બીલ વગેરે બાબતથી માહિતગાર કર્યા હતા. મહિલા કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલ, મહામંત્રી શ્રી રેખાબેન ચૌધરી, માયાબેન દવે, જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં બહેનો હાજર રહી હતી.

# ડીસાના ઢુવા ગામે સગીરા પર દુષ્કર્મ : આરોપી જેલમાં


ડીસા, તા. ૧૪

ડીસા તાલુકાના ઢુવા ગામે રહેતી એક માસુમ ૧૪ વર્ષીય સગીર યુવતીને આજ ગામનો રહીશ યુવક લલચાવી, ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. જો કે આ મામલે યુવતીના પિતાની ફરિયાદ આધારે ડીસા તાલુકા પોલીસે તેને ઝડપી પાડયો હતો. જો કે સગીરા પર બળાત્કાર થયેલ હોઈ પોલીસે આરોપીને ઝડપી જેલ હવાલે કરેલ છે.

બનાસકાંઠાના ડીસા તાલુકામાં આવેલા ઢુવા ગામે રહેતા એક પરિવારની માત્ર ૧૪ વર્ષની દીકરી ૧૨મી એપ્રિલે એટલે કે બે દિવસ અગાઉ વહેલી સવારે પોતાના ઘરેથી



ગાયબ થઈ હતી. જે બાદની પરિવારજનોની તપાસમાં બહાર આવેલ કે તેમની પુત્રીને ગામનો જ રમણજી કાન્તિજી નામનો યુવક મોટર સાયકલ પર ભગાડી લઈ ગયેલ છે. આ યુવકે ગભરુ અને સગીર વયની આ યુવતીને પોતાના હવસનો શિકાર બનાવવા ટાર્ગેટ બનાવી હતી અને માસુમ યુવતીને પોતાની જાળમાં ફસાવી લલચાવી ફોસલાવી વહેલી સવારે જાર કર્મ કરવાના ઈરાદે મોટર સાયકલ પર ભગાડી લઈ ગયો હતો જે બાદ રાત્રિ ભર આ કામાંધ યુવકે જુના ડીસા બનાસ નદી પટમાં યુવતી સાથે તેની મરજી વિરુધ્ધ ધાક ધમકી આપી રાતભર પાશવી બળાત્કાર ગુજાર્યો હતો જેનાથી આ યુવતી શારિરીક અને માનસિક રીતે ભાંગી પડી હતી. બીજી તરફ પીડિત યુવતીના પિતાએ આ મામલાની ડીસા તાલુકા પોલીસ મથકે જાણ કરતા પી.આઈ. ભદોરિયા અને તેમની ટીમે આ યુવક યુવતીની શોધખોળ હાથ ધરી હતી અને યુવકને દિયોદર પાસેથી ઝડપી પાડયો હતો. અનો તોની ચુંગાલમાંથી ભય અને ત્રાસથી કાંપતી યુવતીને છોડાવી હતી. જે બાદ યુવતીનાં નિવેદનમાં તેની સાથે આરોપી યુવક રમણજી કાન્તિજી ઠાકોર દ્વારા બળાત્કાર ગુજાર્યાનું જાહેર કરતા પોલીસે યુવક વિરુદ્ધ અપહરણ, ધાકધમકી અનો બળાત્કારનો ગુનો નોંધી તેને ઝડપી જેલ હવાલે કરેલ છે.



ખેડબ્રહ્મા ખાતે વડાલી સત્તાવીસ વાળંદ સમાજ દ્વારા લીમ્બચ માતાનો બારમો પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સવારે લીમ્બચ માતાની મહાપૂજા કરવામાં આવી હતી. બાદમાં માતાજીની શોભાયાત્રા મંદિરથી નિકળી શહેરના વિવિધ માર્ગો પર ફરી સાંજે મંદિર પરત આવી હતી. અંતે મહાપ્રસાદના દાતા નારાયણભાઈ કોદરભાઈ વાળંદ તરફથી આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# આશ્રમ શાળાઓને ભાજપની સરકારે બંધ કરી દીધી : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૪

દાહોદ લોકસભાના કોંગ્રેસપક્ષના ઉમેદવાર ડો. પ્રભાબેન તાવીયાડના સમર્થનમાં યોજાયેલ કડાણા ખાતે જાહેર સભાને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર આદિવાસી સમાજને ભારોભાર અન્યાય કરે છે. આદિવાસીના સંતાનોને સારું શિક્ષણ મળે તે માટે કોંગ્રેસના શાસનમાં સ્થાપાયેલ આશ્રમ શાળાઓને ભાજપ સરકાર બંધ કરી રહી છે.

આદિવાસી વિસ્તારમાં આવેલી શાળાઓમાં ૧૦,૦૦૦ કરતાં વધુ શિક્ષકોની જગ્યા લાંબા સમયથી ખાલી છે. આદિવાસી વિસ્તારમાં આવેલ દવાખાનામાં ૮૦ ટકા કરતા વધુ ડોકટરોની જગ્યા ખાલી છે. આદિવાસી ભાઈ-બહેનોને આજુબાજુના વિસ્તારમાં જવા-આવવા માટેનો વાહન વ્યવહાર એટલે કે એસટીની મોટા ભાગની બસોના રુટ બંધ કરી દેવામાં આવ્યા છે. કડાણા વિસ્તાર અને દાહોદમાં વિધાનસબાની ચૂંટણી સમયે મુખ્યમંત્રીએ મોટી મોટી વાતો કરીને પીવાના પાણી માટે કરોડો રૂપિયાની જાહેરાત કરી હતી. આજે વિધાનસભાની ચૂંટણીને પુરા ૧૫ મહિનાનો સમય વીતી ગયા છતાં દાહોદની જનતાને પીવાના પાણીની ભારે તકલીફ પડે છે. મોઢવાડીયાએ ભાજપની આદિવાસી વિરોધી માનસિકતાની ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, કેન્દ્રની કોંગ્રેસ સરકારે જંગલની જમીન ખેડતા આદિવાસી ભાઈ-બહેનોને તેમની જંગલી જમીનના અધિકાર આપતી નથી. ગુજરાતમાં જંગલની જમીનના અધિકાર માટે કુલ ૧,૯૧,૦૦૦ આદિવાસી ભાઈ-બહેનોએ અરજી કરી હતી જેમાંથી માત્ર ૪૨,૦૦૦ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. એટલે કે ૨૨ ટકા કામગીરી થઈ છે એટલે ગુજરાત દેશમાં જંગલની જમીનના અધિકાર આપવામાં છેવાડાનું રાજ્ય બની ગયું છે. ગુજરાતના આદિવાસી ભાઈ-બહેનો માટે ભાજપ સરકારે વન બંધુ કલ્યાણ યોજના નામે કરોડો રૂપિયાની જાહેરાત કરી પણ આજે આદિવાસી ભાઈ-બહેનોને કોઈ પ્રકારની સુવિધા મળતી નથી અને ભાજપ સરકારે જાહેર કરેલ આદિવાસી કલ્યાણના નાણાંમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે અને આદિવાસી ભાઈ-બહેનો તેમના હક્કથી વંચિત રહ્યાં છે. આદિવાસી ભાઈ-બહેનોને જંગલની જમીનના અધિકારો આપવાનો કાયદો કોંગ્રેસની કેન્દ્ર સરકારે બનાવ્યો પણ ગુજરાતની ભાજપ સરકાર આધિવાસી ભાઈ-બહેનોના હક્ક પર તરાપ મારે છે. ગુજરાતમાં શિક્ષણનો અધિકાર પણ લાગુ કરવામાં આવ્યો નથી. સાંસદ તરીકે છેલ્લા પાંચ વર્ષમાં દાહોદમાં રેલ્વેની સુવિધા હોય કે અન્ય કેન્દ્ર સરકારના કામો અને સંસદ સભ્ય તરીકેની ગ્રાન્ટની ફાળવણી હોય તમામમાં સક્રિયતા રહી પ્રજા કલ્યાણના કામો કર્યા છે. આજની જાહેરસભામાં મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો ઉમટી પડ્યા હતા.

## ગ્લેમર નહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાનગી રહેણાંકમાં પણ ચુંટણીલક્ષી પ્રચાર-પોસ્ટરોનો ટ્રેન્ડ પહેલેથી જ નથી. શહેરમાં આડા દિવસે કોઈ ધાર્મિક કે સાંસ્કૃતિક કાર્યક્રમ હોય ત્યારે ઠેર ઠેર તેના હોર્ડીંગ્સ કે પોસ્ટરો ચિપકેલા જોવા મળે છે જયારે લોકશાહીના સૌથી મોટા ચુંટણી પર્વમાં ચિપકેલા પોસ્ટરો પણ નહીંવત જોવા મળે છે. મતદાનનો દિવસ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ ચુંટણીલક્ષી પ્રચારમાં ગરમાવો જોવા મળી રહ્યો છે પરંતુ ગાંધીનગરની બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય નેતા ચુંટણી લડવાના હોવા છતાં પ્રચાર ઝુંબેશ દરમિયાન કોઈ રોનક જોવા મળતી નથી.

## પગપાળા જનસંપર્ક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંપર્ક કરી વોટ ની અપીલ કરી હતી.પદયાત્રા કાર્યક્રમ માં સાથે સાથે લાઉડ સ્પીકર સાથેની એક રિક્ષા અને ઢોલી પણ રાખ્યા હતા.સુનો ગોર સે દુનિયા વાલો ના હિન્દી દેશ ભક્તિ ગીત સાથે રિક્ષા તમામ અંતરીક માર્ગો પર પદયાત્રા ની સાથે સાથે ફરી હતી.નોંધનીય બાબત એ હતી કે ભાજપ અને કોંગ્રસ બંને પક્ષો સે.૮ માં સમી સાંજે ભેગા થઇ ગયા હતા.

જયાં જોવા મળ્યું હતું કે ભાજપ ના -ચાર માં એકત્ર થયેલા કાર્યકરો ની સંખ્યા કરતા કોંગ્રેસની પદયાત્રા માં ત્રણ ગણા લોકો હતા.જે એક ચર્ચા નો વિષય બન્યો છે.કોંગ્રેસ ના -ચારમાં સ્ટેન્ડીગ કમીટીના પૂર્વ ચેરમેન -વીણ પટેલ,કોર્પોરેટર હર્ષજીત પંડ્યા,ચીમન વિન્જુડા ,રાજેન્દ્રસિંહ ચાવડા ,વિજય સોલંકી ,મહિલા -મુખ મીનાબેન વાઘેલા ,શરીફાબેન ,હરેશ પટેલ,મગન પરમાર, ભાનુમતીબેન સહીત ના કોંગી આગેવાનો કાર્યકરો મોટી સંખ્યા માં જોડાયા હતા.

## વિધાનસભા કરતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપના આગેવાનો પ્રચારમાં જોડાયા હતા. મહીલા કાર્યકરો પણ આઈ. બીલીવ ઈન મોદીના બેઈઝ લગાવી સેકટરોની શેરીઓમાં ભાજપના મત બટોરો પ્રચાર અભિયાનમાં વ્યસ્ત જોવા મળી હતી. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય પણ માથે વોટ ફોર મોદી લખેલી ટોપી અને ખેસ પહેરી કાર્યકર્તાઓ સાથે પ્રચારમાં ઉત્સુક જોવા મળ્યા હતા. બપોરના ગરમીના લીધે સેક્ટરોના આંતરિક વિસ્તારમાં કોઈ ખાસ વિશેષ ચહલ-પહલ જોવા મળી ન હતી. આ દરમિયાન ભાજપના એક અગ્રણી નેતાએ મતદારો તરફથી ઉમદા પ્રતિસાદ મળતો હોવાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. તેમણે તેમ પણ જણાવ્યું હતું કે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય કરતા ત્રણ ઘણી વધુ લીડ મેળવીને અડવાણીજીનો વિજય થશે.

## સ્વ. જયાબેન શાહને કોંગ્રેસની શ્રદ્ધાંજલિ

અમદાવાદ, તા. ૧૪

ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રે વર્ષોથી સક્રિય કામગીરી કરનાર અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના પૂર્વ અધ્યક્ષ સ્વ. જયાબેન શાહના નિધન અંગે ઘેરાશોકની લાગણી વ્યક્ત કરતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદ પટેલે જણાવ્યું હતું કે, સ્વ. જયાબેન શાહ જીવનના અંતિમ શ્વાસ સુદી ખાદી પ્રવૃત્તિ અને સ્ત્રી કલ્યાણ માટે જજુમતા રહ્યા. કોંગ્રેસપક્ષમાં તેઓ સંસદસભ્ય તરીકે ઉત્તમકામગીરી કરી હતી. જાહેરજીવનમાં મુલ્યનિષ્ઠ જનપ્રતિનિધિ તરીકે સ્વ. જયાબેન શાહની આગવી ઓળખ હતી. તેમના નિધનથી ગુજરાતે એક જુની પેઢીના મહિલા નેતા ગુમાવ્યા છે.

## વિદેશમાં વસતા ગુજરાતીઓ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત આવવાનું પસંદ કરતાં નથી પરંતુ લોકસભાની ચૂંટણીની ગુજરાતની મતદાન તારીખ જાહેર થતાં જ વિદેશમાં વસતાં ગુજરાતીઓએ ગુજરાતમાં આવવાનું નક્કી કરી લીધું છે. માત્ર ગુજરાતીઓ નહીં કેટલીક સંસ્થાઓ પણ વિદેશમાં વસતાં ગુજરાતીઓમાં વોટીંગ માટે જાગૃતિ લાવવા કાર્યરત છે. વિદેશમાં કાર્યકર કેટલીય સંસ્થાઓ જે આ માટે પ્રયાસો કરે છે. અમદાવાદની સંસ્થાઓ ગુજરાતીઓને મતદાન આપવા ગુજરાતમાં આવવાનું જણાવે છે.





અંગ દઝાડતી કાળઝાળ ગરમીમાં નાગરિકો શેરડીનો રસ આરોગરતા હોય છે. અત્યાર સુધી શેરડીના રસના ફિકસ કોલા દેખાતા હતા પરંતુ ચિલોડામાં ફિકસ કોલાની જગ્યાએ ફાઈટરથી ચાલતું ફરતું કોલુ દેખાતા નાગરિકોમાં કુતુહલતા પેદા થઈ છે. ત્યારે અહીંના લોકો પણ ફરતા કોલા દ્વારા આપવામાં આવતા શેરડીના રસનો ટેસ્ટ કરતા નજરે ચડતા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)